# ગુજરાત યુનિવર્સિટી

અમદાવાદ-૩૮૦ ૦૦૯

પરીક્ષા કોપીકેસ
તારીખ. ૨/૩/૨૦૧૯

**તાકીદનો પરિપત્ર નં. : - ૩૩**

આ યુનિવર્સિટી સાથે સંકળાયેલ તમામ કૉલેજોના આચાર્યશ્રીઓ અને ભવનોના અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે, માર્ચ-એપ્રિલ, ૨૦૧૯ અને ત્યાર બાદ લેવાનાર આ યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે આપની સંસ્થા જે તે પરીક્ષા માટે પરીક્ષા કેન્દ્ર તરીકે નિયત થાય; ત્યારે તે તે પરીક્ષા દરમિયાન પરીક્ષાની પવિત્રતા જળવાય અને કોઈ એકલદોકલ કે સામૂહિક ચોરીના બનાવ ન બને, તે માટે આપ અમારી જેમ ચિંતિત હોવ જ એ સ્વાભાવિક છે અને તે માટે આવો કોઈ બનાવ ન બને તે માટે પૂરતી વ્યવસ્થા કરવા વિનંતી છે અને બહારથી કોઈ અનિષ્ટ તત્ત્વોને કારણે પરીક્ષાનું સરળ સંચાલન ને પવિત્રતા જોખમાય નહીં, તે માટે સ્થાનિક સત્તાવાળાનો સંપર્ક સાધી પૂરતી અને જરૂરી વ્યવસ્થા પરીક્ષાના દિવસો દરમિયાન અગાઉથી કરી લેવા પણ સૂચવું છું. આમ છતાં પણ ગેરરીતિ આચરવાના ગુના માટે વિદ્યાર્થીને પકડવામાં આવે ત્યારે તેવી બાબતમાં નીચે પ્રમાણેની કાર્યવાહી કરી, તે અંગેની માહિતીની જાણ યુનિવર્સિટી દ્વારા ખાસ ઊભો કરવામાં આવેલ કન્ટ્રોલ રૂમ ખાતેના અધિકારીશ્રીને કરવાનું રાખવું અને તેની વિગતો રોજેરોજ ઓબ્ઝર્વર મારફત સંબંધિત વિષયનાં કો-ઓર્ડિનેટરશ્રીને મોકલી આપવાનું રાખવું. આ અંગે સિનિયર સુપરવાઈઝરને આપવામાં આવતી સૂચના નં. ૨૩ અને ૨૯ તરફ ખાસ ધ્યાન દોરવામાં આવે છે જે આપની સુવિધા ખાતર આ સાથે સામેલ છે.

**કોલેજ સેન્ટરે પરીક્ષા શરૂ થતાં પહેલાં તથા પરીક્ષા દરમ્યાન નીચે જણાવ્યા પ્રમાણે જરૂરી કાર્યવાહી ફરજિયાત કરવાની રહેશે.**

- જુનિયર સુપરવાઇઝર તથા કોલેજ સ્ટાફને પરીક્ષાના અગાઉના દિવસે એક મીટીંગ કરાવવી. જેમાં પરીક્ષાના સુચારૂ સંચાલન માટે પરીક્ષાલક્ષી જરૂરી માહિતીઓથી વાકેફ કરવા. તેમજ પરીક્ષા દરમ્યાન એક કલાક પહેલાં બોલાવવા.
- પરીક્ષાના છેલ્લા અડધા કલાક દરમ્યાન કોઇ વિદ્યાર્થીને પરીક્ષા ખંડમાંથી બહાર ન જવા દેવા. તેમજ પરીક્ષા પુરી થયા બાદ વર્ગખંડમાંના દરેક વિદ્યાર્થીઓની ઉત્તરવહી પરત મેળવી ઉત્તરવહીઓની ગણતરી કરી ત્યારબાદ જ વિદ્યાર્થીઓને જવા દેવાના રહેશે.
- જુનિ.સુપરવાઇઝરની નિમણૂંક તેઓની શૈક્ષણિક લાયકાત જોઇ કરવાની રહેશે. તેઓ સ્નાતક હોવા જરૂરી છે. તેઓની નિમણૂંક વખતે તેઓ દ્વારા અરજી કરાવવાની સાથે સ્નાતક થયાની માર્કશીટ ફરજીયાત મેળવવાની રહેશે.

૧. મુખ્ય નિરીક્ષક તરીકે ગેરરીતિનો પ્રકાર સ્પષ્ટ જણાવવો જેમ કે ---

(અ) વિદ્યાર્થી પાસેથી કાપલી મળી આવી હોય તો તે કયા સ્થળેથી એટલે કે તેના ખિસ્સામાંથી, તેની ઉત્તરવહી નીચેથી કે ઉત્તરવહીમાંથી, ઇત્યાદિ.

(બ) વિદ્યાર્થી કાપલીમાંથી, બેન્ચ કે હાથ-પગ પરના લખાણમાંથી કે અન્ય કોઈ વ્યક્તિની ઉત્તરવહીમાંથી ઉત્તરો કરતાં પકડાયો હોય.

(ક) અરસપરસ ઉત્તરવહીઓની અદલાબદલી કરી ઉતારો કરતાં-કરાવતાં પકડાયો હોય તેવા કેસોમાં બંને વિદ્યાર્થીઓના કેસો કરવા.

(ડ) લઘુશંકાને બહાને બાથરૂમમાં કાપલી વાંચતાં પકડાયો હોય વગેરે.

(ઇ) મોબાઇલ તથા ઇલેક્ટ્રોનિક્સ ઉપકરણો લઇ બેઠેલ હોય અથવા મોબાઇમાં પરીક્ષા લક્ષી સાહિત્ય હોય તે દર્શાવવું.

૩. યુનિવર્સિટીના અધિકૃત પ્રતિનિધિ-ઓબ્ઝર્વર-દ્વારા ગેરરીતિ આચરતાં પકડાયેલા વિદ્યાર્થીઓની ઉત્તરવહીઉપર યુનિવર્સિટીના મુકરર કરેલ ફોર્મમાં વિદ્યાર્થીનું નિવેદન, જુનિ. તથા સિનિ. સુપરવાઈઝરનું નિવેદન તથા ઓબ્ઝવરનું નિવેદન સ્પષ્ટ હોવું જોઈએ તેમ જ તેમાં તેમની સહી, તેમનું **<u>સરનામું તથા મોબાઇલ નંબર વંચાય એમ લખાવવું ખાસ જરૂરી છે.</u>** તે તેમના હસ્તાક્ષરમાં હોવું જોઈએ.

૪. વિદ્યાર્થી જે બ્લૉકમાં બેસી પરીક્ષા આપતાં પકડાયેલ હોય તે બ્લૉકની બેઠક વ્યવસ્થાનો ચાર્ટ ઉપરોક્ત રિપોર્ટ સાથે અવશ્ય મોકલવાનું રાખવું.

૫. જુનિયર સુપરવાઈઝરના નિવેદન પર મુખ્ય નિરીક્ષકે પોતાનો રિમાર્ક લખવો જરૂરી છે.

૬. પકડાયેલ વિદ્યાર્થીનું નિવેદન સાઇકલોસ્ટાઇલ કાગળમાં ન લેતા યુનિવર્સિટીના કોપીકેસ પત્રકમાં જ લેવાનું રાખવું પત્રક ન હોય તો જુદા કાગળમાં તેમનાં હસ્તાક્ષર સાથે નિવદેન લેવું જરૂરી છે અને તેમાં **<u>વિદ્યાર્થીએ પોતાનું પુરૂ નામ, સરનામું, બેઠક નંબર, મોબાઈલ નંબર, પોતાની કોલજની વિગતો તથા પરીક્ષા વગેરે માહિતી લખ્યાની ચકાસણી મુખ્ય નિરીક્ષકે કરવી જરૂરી છે.</u>** કોઈ વિદ્યાર્થી પોતાનું નિવેદન આપવાની અનિચ્છા દર્શાવે તો એવા વિદ્યાર્થીઓના કેસના રિપોર્ટમાં વિદ્યાર્થીએ નિવેદન આપવાનો ઈન્કાર કર્યો છે. તેવી નોંધ મુખ્ય નિરીક્ષકે તેમના રિપાર્ટમાં અવશ્ય કરવી જરૂરી છે.

૭. વિદ્યાર્થીએ નિવેદનમાં જો કોઈ ખોટી બાબત લખી હોય તો તે અંગે મુખ્ય નિરીક્ષકે તેમનું વક્તવ્ય લખીને મોકલવાનું રાખવું. પકડાયેલા **વિદ્યાર્થીઓના રિપોર્ટ એકસાથે નહીં કરતાં જુદા જુદા નંબરના રિપોર્ટ જુદા જુદા કાગળ પર કરવા, અલગ અલગ ફોરવર્ડિંગ સાથે મોકલવા જરૂરી છે.** અરસપરસ ચોરી કરતાં પકડાયેલા વિદ્યાર્થીઓના રિપોર્ટ એકસાથે કરી શકાય. વિદ્યાર્થીઓના કેસ મોકલતી વખતે નીચેના ક્રમમાં સ્ટીચ કરીને જ મોકલવા, જેથી કોઈ કાગળ જુદા પડી જાય નહીં. સૌ પ્રથમ ઉપર :

(૧) મુખ્ય નિરીક્ષકનો રિપોર્ટ (ઓબ્ઝર્વર જો હોય તો તે )

(૨) ફરજ પરના જુનિયર સુપરવાઈઝરનો રિપોર્ટ

(૩) વિદ્યાર્થીનું નિવેદન

(૪) વિદ્યાર્થીની ઉત્તરવહી

(૫) જો કાપલી હોય તો ઉત્તરવહી પર બરાબર સ્ટીચ કરવી

(૬) પ્રશ્નપત્ર સાથે બિડવું

(૭) વિદ્યાર્થી પાસેથી કંપાસ, ચોપડી કે ફૂટપટ્ટી પકડાઈ હોય તો તેના પર એક સ્લિપ ચોંટાડી વિદ્યાર્થીનું નામ, પરીક્ષા બેઠક નંબર વગેરે સ્પષ્ટ લખી તેને જુદી કોથળીમાં મૂકી વિદ્યાર્થીના કેસ સાથે મોકલવી.

(૮) બેઠક વ્યવસ્થાનો ચાર્ટ.

(૯) વિદ્યાર્થી પાસેથી મળી આવેલ કાપલી વગેરેમાં પણ વિદ્યાર્થીની સહી અને તારીખ લખાવી લેવી.

૯. જો કોઇ વિદ્યાર્થી ઉત્તરવહી ભુલથી કે ઇરાદાપૂર્વક લઇ જતો રહ્યો હોય તો કોલેજે વિદ્યાર્થીનો સંપર્ક કરી ઉત્તરવહી મંગાવી, જુનિયર સુપરવાઇઝર, સિનિયર સુપરવાઇઝર તથા ઓબ્ઝર્વર દ્વારા કોપીકેસની વિગતો તૈયાર કરાવી કોલેજના આચાર્યશ્રીની સહી સાથે યુનિવર્સિટીમાં મોકલવાનું રાખવું

વધુમાં વિનંતી કરવાની કે ઉપરોક્ત બાબતની જાણ આપના કેન્દ્રના મુખ્ય નિરીક્ષક, ફેકટોટમ વગેરેને કરવા વિનંતી છે.

ઉપરની સૂચનાનું પાલન બરાબર થાય તો કોઈ કેસમાં પાછળથી થતી અદાલતી કાર્યવાહી વખતે પણ જરૂરી માહિતી જે તે કેસમાં નિર્ણય લેતી વખતે ઉપલબ્ધ રહે.

**નોંધ : (૧) દરેક કેસના ફોરવર્ડિંગ ઉત્તરવહી, કાપલી વગેરે એક સીલ કવરમાં મોકલવા.**

**(૨) વિદ્યાર્થીનું નામ, સરનામું, તથા મોબાઈલ નંબર અચૂક લેવાનું રાખવું.**

**પરીક્ષા નિયામક**

**નં.પરીક્ષા ગેરરીતિ/ ૮૬૪૪ /૨૦૧૯**
**ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય**
**અમદાવાદ-૩૮૦૦૦૯, તા.૨/૩/૨૦૧૯**

**GENERAL INSTRUCTIONS FOR THE GUIDANCE OF SENIOR SUPERVISORS**

23. When a candidate is expelled from examination for copying or for any other offence, the Senior Supervisor shall obtain from him, before he leaves the Examination hall, an explanation, if he has any to make and attach it to his own report.

24/A. While reporting the case of unfairmeans or copying to the Registrar, the Senior Supervisor shall specifically state the exact time when the candidate under report was caught by him for the purpose. In case where two or more candidates are found copying from one another's answer-books or in any other way, the Senior Supervisor is requested to intimate to the University in his report about the seating arrangements of the candidate concerned i.e. whether they were seated on the same bench or one was seated behind the other, etc.

29. Senior Supervisor shall verify and countersign all reports made by Junior Supervisor at the end of the examination in each paper.

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન તમામ કૉલેજોના આચાર્યશ્રીઓ તેમજ ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ.